# ડીસાના ડાવસ ગામે દલિતનું ઝૂપડું સળગાવનારા ત્રણ સામે એટ્રોસીટીની ફરિયાદ

ડીસા, તા. ૫

ડીસા તાલુકાના ડાવસ ગામે ભાગીયા તરીકે કામ કરતા એક દલિત યુવકને આજ ગામના ત્રણ ઈસમોએ અંગત અદાવત રાખી અઠવાડિયા પહેલા ધમકીઓ આપી હતી અને તે બાદ ગતરાત્રીએ અંગત અદાવતે ઉશ્કેરાયેલા ત્રણ ઈસમોએ દલિતનું ઝુંપડું સળગાવી દેતાં તેની ઘરવખરી આગમાં સ્વાહા થઈ ગઈ હતી. આ મામલે પીડિત દલિતની ફરિયાદ આધારે ડીસા તાલુકા પોલીસ ત્રણ ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરીને ધોરણસર તપાસ શરૂ કરેલ છે.

આ ઘટનાની મળેલ વિગતો જોતાં ડીસા તાલુકાના ડાવસ ગામે રહેતા કાનાભાઈ હીરાભાઈ પરમાર દાંતીવાડા તાલુકાના ભાકોદર ગામેથી ભાગીયા ખેતી કામ માટે ડાવસ રહેતા હતાં. અને ચોથાભાગે ખેતી કરતાં હતા. જોકે પોતાના ગામમાં બહારથી આવેલા આ દલિત યુવક અહીં કામ કરે તે ગામના કેટલાક ઈસમોને અગમ્ય કારણોસર પસંદ પડેલ નહીં. જેથી અઠવાડિયા પહેલાં કેટલાક ઈસમોએ આ દલિત ખેડૂતને ગામમાંથી અન્ય જગ્યાએ જતો રહેવા ધમતી આપી હતી. અને જે બાદ ગતરાત્રીએ અંગત અદાવતે ડાવસ ગામમાં જ રહેતા નરસંગજી વીરાજી ઠાકોર, પોપટજી નરસંગજી ઠાકોર, રમેશજી નરસંગજી ઠાકોર દલિત કાનાભાઈ રહેણાંકના ઝૂંપડા પર જઈ તેમની સાથે તકરાર કરી ધમકીઓ આપી હતી.

જેથી ભયભીત દલિત યુવક જીવબચાવી નાસી છૂટ્યો હતો. જે બાદ ત્રણેય આરોપીઓએ દલિત કાનાભાઈના ઝૂંપડાને આગ લગાવતાં ઝૂંપડામાં રહેલી ઘરવખરી બળી ગઈ હતી. જેનાથી ગરીબ ખેતમજૂર સામાન દલિત કાનાભાઈને અંદાજીત ૧૦,૦૦૦નું નુકશાન થયું હતું. જે બાદ આ મામલે તેઓએ ડીસા તાલુકા પોલીસ મથકે પહોંચી ફરિયાદ આપતાં પોલીસે ફર્સ્ટ ગુ.ર.નં. ૭૮-૨૦૧૩ આઈપીસી કલમ ૪૩૬ ૧૧૪, ૫૦૪ તેમજ એટ્રેસિટી એકટ કલમ ૩(૧)૧૦ મુજબ આરોપી નરસંગજી તેમના બંને પુત્રો પોપટજી અને રમેશજી વિરૂદ્ધ ગુનો દાખલ કરેલ છે. જેની વધુ તપાસ એસ.સી., એસ.ટી. સેલના ડી.વાય.એસ.પી. આર.ડી. બરંડા ચલાવી રહેલ છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## પાલનપુર પાલિકાના ચીફ ઓફિસરે અનિયમિત કર્મચારીઓને નોટીસ ફટકારી

પાલનપુર, તા. ૫

પાલનપુર પાલિકાના અનિયમિત કર્મચારીઓ સામે ચીફ ઓફિસરે લાલ આંખ કર્મચારીઓને નોટીસ ફટકારતાં કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પાલનપુર પાલિકાની અલગ-અલગ વિભાગમાં ફરજ બજાવતા નયનાબેન નાંદી, એચ.કે. ભાયલ, અજીત જોષી, આર.કે. સેંગલ, અલ અકબર સૈયદ, અબ્દુલ સિધિ, મૂળાભાઈ પરમાર, મહેન્દ્રભાઈ રાઠોડ, એન.જે. રાઠોડ સહિતના કારકૂનોને ફરજ દરમિયાન બેદરકારી દાખવવા બાબતે ચીફ ઓફિસરે યુ.ડી. સિંધાએ નોટીસ ફટકારી હતી જેથી સમગ્ર કચેરીમાં ફફડાટ ફેલાયો હતો.

## ખેડબ્રહ્મામાં સોનીની દુકાને તસ્કરો ત્રાટક્યા

ખેડબ્રહ્મા, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં શુક્રવારની રાત્રીના સિવિલ માર્ગ પર આવેલ જૈન દેરાસરની પાછળ આવેલ કોમ્પલેક્ષમાં આવેલી દેવાંગકુમાર મહેન્દ્રભાઈ સોનીની દુકાનમાં તસ્કરો ત્રાટકીને શટરનું તાળું અંદરથી સોકેશમાં મુકેલ ચાંદીના દાગીના ગ્લાસ નંગ-૫, ટ્રે નંગ-૨, ભગવાનની મૂર્તિ નંગ-૫, નાગ નંગ-૧, છત્ર નંગ-૧, કંદોરો નંગ-૧, યંત્ર-૧ અને મળી આશરે ૭૦૦ ગ્રામ ચાંદીના દાગીના કિંમત ૪૫૨૫૦ની મતાની ચોરી કરી લઈ ગયેલાનું ખેડબ્રહ્મા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.



પાલનપુરના દિલ્હી ગેટ વિસ્તારમાં આવેલ સ્વામી વિવેકાનંદ ચોકના ટાઉનહૉલ પ્રાંગણમાં આજે જીવદયા સંસ્થા અને લાલાવાડા ગામનાં લોકો દ્વારા કાળઝાળ ગરમીમાં નિર્દોષ પક્ષીઓ માટે પીવાના પાણીનું કુંડાનું શહેરીજનોને વિના મુલ્યે વિતરણ કરાયું હતું. આ સેવાકીય પ્રવૃત્તિમાં પક્ષી પ્રેમી વ્રજેશ પઢિયાર, લાલજીભાઈ ચૌધરી દિનેશ ચૌધરી વગેરે શહેરજનોએ જોડાઈ ૨૦૦૦ માટીના કુંડાનું વિતરણ કર્યું.

# હિંમતનગરના સહકારી જીન પાસે ટ્રેલર અને બાઈક વચ્ચે અકસ્માતમાં મહિલાનું મોત

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરના સહકારીજીન ચાર રસ્તા પર રવિવારે બપોરે ટ્રેલર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક સવાર એક મહિલા પર ટ્રેલરનું ટાયર ફરી વળતાં સ્થળ પર કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. પોલીસને જાણ થતાં ઘટના સ્થળે જિલ્લા અને સીટી ટ્રાફિક પોલીસે પહોંચીને ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગર તાલુકાના કાબોદરા ગામના શારદાબેન પ્રવીણલાલ સુથાર જે ગામની આંગણવાડી તેડાગર તરીકે છેલ્લા આશરે પાંચ વર્ષથી ફરજ બજાવતાં હતા. દરમિયાન રવિવારે બપોરે પુત્ર સન્ની સાથે બાઈક નંબર જીજે-૯-સીઈ- ૮૯૫૧ પર શારદાબેન સામાજિક કામ અર્થે હિંમતનગરમાં ચિત્રકૂટ સોસાયટીમાં રહેતી તેમની ભત્રીજી દિપીકાબેનના ઘરે આવી રહ્યા હતા. ત્યારે સહકારી જીન ચાર રસ્તા પર શામળાજીથી હિંમતનગર તરફ બેફામ હંકારી આવી રહેલ ટ્રેલર આર-એ-૦૮-જીએ-૧૪૩૫એ બાઈકને ટક્કર મારતા ગમ્ખ્વાર અકસ્માત સર્જાયો હતો. પરિણામે બાઈક પર સવાર શારદાબેન પ્રવીણલાલ સુથાર (ઉ.૫૨) રોડ પર પડી ગયા હતા અને તેમની ઉપર ટ્રેલરનું ટાયર ફળી વળતા સ્થળ પર કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે પુત્ર સન્નીને શરીરે ઓછાવત્તી ઈજા થઈ હતી અને ટ્રેલર ચાલક ટ્રેલર મુકી નાસી ગયો હતો. અકસ્માત અંગે હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ થતા ટ્રાફિક પી.એસ.આઈ. જી.એ. પટેલ સાથે જિલ્લા ટ્રાફિક, સીટી ટ્રાફિક સ્ટાફ ઉપરાંત ટાઉન પોલીસ સ્થળ પર આવી ગઈ હતી અને લાશને પોસ્ટમોર્ટમ માટે સિવિલમાં મોકલી આપી હતી. બીજી તરફ બાઈક અને ટ્રેલર કબજે લઈ ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

## ધાનેરામાં બેફામ દોડતાં ૧૩ જીપ શટલીયા આર.ટી.ઓ.એ પકડી

ધાનેરા પંથકના આસપાસના વિસ્તારમાં એસ.ટી. બસના અભાવોને કારણે શટલીયા જીપ ચાલકો બેકાબુ બન્યા હતા. જીપની ક્ષમતા પણ ચાર ગણા વધુ પેસેન્જરો બેસાડી જીપ ચાલકો ઊંઘાડી લૂંટ ચલાવતાં હતા. વધુ પેસેન્જરો ભરીને ગફલતભરી રીતે ચલાવતા જીપચાલકો અવારનવાર અકસ્માત સર્જતા નિર્દોષ મુસાફરો મોતને ભેટે છે. અન્ય મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચે છે. શટલીયા જીપચાલકો ટ્રાફિકના નિયમનું સરેઆમ ઉલ્લંઘન કરતાં થાપર-ગુંદરી ચેકપોસ્ટ નજીકથી આર.ટી.ઓ. અધિકારીએ ૧૩ શટલીયા જીપો ડીટ્રેઈન કરી હતી અને કાયદેસર કાર્યવાહી કરતા ધાનેરાના શટલીયા વાહન ચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# ઉંઝામાં તસ્કરો ત્રાટક્યા, પાંચ લાખના દાગીના ચોરાયા

ઉંઝા, તા. ૫

આજે બપોરે ઉંઝા શહેરની મધ્યમાં ભરચક રહેણાંક વિસ્તારમાં આવેલ કમાણીયાપરાના એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી તાળું તોડી અંદર પ્રવેશી તિજોરીઓમાંથી અંદાજે પાંચ લાખની કિંમતની મત્તાનાં સોનાં-ચાંદીના દાગીનાની ચોરી કરી પલાયન થઈ ગયા હોવાનાં બનાવે લોકોમાં ભયની લાગણી પ્રસરાવી દીધી છે.

વિગત એવી છે કે ઉંઝા શહેરની મધ્યમાં ભરચક સોસાયટીઓનાં વિસ્તારમાં કયાણીયાપરૂ નામની સોસાયટી આવેલ છે. આ સોસાયટીમાં રહેતા ફરિયાદી નિમેશકુમાર રમણલાલ બાંગા પોતાનું મકાન બંધ કરીને બપોપના સમયે ઉંઝા શહેરમાં કોઈ સંબંધીને મળવા ગયા હતા ત્યારે બપોરનાં ટાણેથી સવા ચાર વાગ્યાની વચ્ચે કોઈ તસ્કરોએ આ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ ધોળા દિવસે મકાનનાં દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો બે તિજોરીઓ તોડી નાંખી અંદરથી છ તોલા વજનની સોનાની ચાર બંગડીઓ, ત્રણ તોલા વજનનું સોનાની ત્રણ વિંટીઓ, તેમજ સવા બે કિલોના ચાંદીના સિક્કા અને પગની શેરો મળી કુલ પાંચ લાખ રૂપિયાની કિંમતની મતત્ના સોનાં-ચાંદીના દાગીનાની ઘરફોડ ચોરી કરી કયાંક પલાયન થઈ ગયા હતા. ચોરાયેલ મહત્તમ દાગીના ફરિયાદીની વૃદ્ધ માતાના હતા. શહેરની મધ્ય ભાગમાં લોકોનાં રહેણાંક વિસ્તારમાં ધોળા દિવસે તસ્કરોએ બંધ મકાનમાંથી ચૌદ તોલા સોના તથા સવા બે કિલો વજનના ચાંદીના દાગીના તથા સિક્કાની ઉઠાંતરી કરતાં શહેરીજનોમાં ભારે ભયની લાગણી ફેલાઈ છે. આ બનાવ અંગે પોલીસે ઘટના સ્થળે જઈ કાયદેસર ગુનો નોંધી ડૉગ સ્કવોટ અને એફ.એસ.એલ.ની ટીમને બોલાવવાની તજવીજ હાથ ધરી છે.

# સહકારી જીન ચાર રસ્તા પર બમ્પ મુકવાથી અકસ્માતોનું પ્રમાણ ઘટશે

હિંમતનગર, તા. ૫

હિંમતનગર શામળાજી નેશનલ હાઈવે-૮ આવેલ સહકારી જીન ચાર રસ્તા પર એક રસ્તો શહેરનો હાઈવે પર આવે છે અને બીજી તરફ હડીયોલ ગામ તરફથી હાઈવે પર આવે છે જ્યાં ચાર રસ્તા પડતા હોવાને લીધે ભારે ટ્રાફિક રહે છે ઉપરાંત નેશનલ હાઈવે હોવાને કારણે વાહનોની ઝડપ વધુ હોય છે તેથી ગામથી અને શહેરથી હાઈવે પર જતા વાહન ચાલકો અને હાઈવેના વાહન ચાલકોની ઝડપ વચ્ચે એક થઈ જતી હોવાને કારણે વારંવાર અકસ્માતો સર્જાય છે અને કેટલાક ગમખ્વાર અકસ્માતોમાં મૃત્યુ થાય છે તેથી શહેરના અને ગામના રહીશો ઉપરાંત રોડની નજીકના વેપારીઓએ રોષ સાથે જણાવેલ છે કે હિંમતનગરથી હડીયોલ તરફ અને હડીયોલથી હિંમતનગર તરફ હાઈવેને જોડતા રસ્તા પર તાત્કાલિક ધોરણે તંત્રએ મોટા બંમ્પ મુકવાની તાતી જરૂરીયાત છે. જેથી ઝડપની સામ્યાતા ઘટી જાય છે આથી અકસ્માતોનું પ્રમાણ પણ ઘટી શકે.

# બનાસકાંઠા પોલીસે વડાવળ ગામેથી ૨૮ લાખનો દારૂ ઝડપી પાડ્યો

ડીસા, તા. ૫

ડીસા તાલુકાના ભીલડી નજીક આવેલા વડાવળ ગામ પાસેથી રાત્રી સમય દરમિયાન એલ.સી.બી. અને એસ.ઓ.જી. પોલીસે પાડેલાં એક સંયુક્ત દરોડામાં ૨૮ લાખ બાણું હજારના પરપ્રાંતિય વિદેશી દારૂ ભરેલ કન્ટેનર ઝડપાયું હતું. આ મામલે પોલીસે એકની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

આ અંગેની ભીલડી પોલીસ મથકે થી મળેલ વિગતો જોઈ ગઈ કાલે શનિવારે મોડી રાત્રે જીલ્લા એલ.સી.બી. અને એસ.ઓ.જી. ટીમ ને ખાનગી રાહે બામતી મળેલ કે ભીલડી રોડ પરથી એક ટ્રકમાં વિદેશી દારૂ વેચાણ અર્થે લઈ જવાય છે. જે બાદ પોલીસે વડાવળ ગામ નજીક નાકાબંધી ગોઠવી હતી. જેમાં મોડી રાત્રે શકમંદ ટ્રક નં. આર.જે. એ. ૨૬૫૭ આવતા તેને રોકી પંચો રૂબરૂ તલાસી લેતા તેમાં સુકા ઘાસ અંદર સંતાડેલો વિદેશી દારૂ મળી આવ્યો હતો. ત્યારે બનાસકાંઠા જીલ્લામાં તાજેતરમાં પાંથાવાડામાં લાખોના દારૂ ઝડપાયા બાદ ગત રાત્રે એસ.સી.બી. અને એસ.ઓ.ડી. પોલીસે પાડેલા આ સંયુકત દરોડામાં ૨૮ લાખ બાણું હજારનાં પરપ્રાંતિય વિદેશી દારૂ ભરેલ કન્ટેનર ઝડપી પાડતા દારૂ વેચાણ કરતાં બુટલેગરોમાં દોડધામ મચેલ છે.

એલ.સી.પી.આઈ. જે. આર. રબારી., પી.એસ.આઈ., એન.પી.છાયા, અને એસ.ઓ.જી.પી.એસ.આઈ, એ દરોડા કાર્યવાહીમાં વિદેશી દારૂ ઝડપ્યા બાદ આ મામલે પોલીસે આરોપી દયારામ લાધઉરામ વિસ્નોઈ રહે, નાયાવાડા, તાલુકો - ભીનમાલ, જીલ્લો - જાલોર (રાજસ્થાન) વાળાની ધરપકડ કરી ૨૮ લાખ બાણું હજાર નો દારૂ, ૧૨ લાખની ટ્રક અને મોબાઈલ, તાડપત્રી અને અન્ય સાથે કુલ ૪૦ લાખ ચોરાણું હજારનો મુદ્દામાલ તપાસ અર્થે જપ્ત કરેલ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ દારૂનો જથ્થો કચ્છ વેચાણ અર્થે લઈ જવાતો હતો. આ કામે સરકાર તરફે એલ.સી.બી., પી.એસ. આઈ., એન.પી.છાયા એ ભીલડી પોલીસ મથકે ફરિયાદ આપતાતાં આ ગુનાની વધુ તપાસ ભીલડી પી.એલ.આઈ. ચલાવી રહ્યાં છે.

ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધી 'સૂત્ર અને કાયદાનું આપણે માત્ર ગૌરવ લઈ શકીએ છીએ. અને દારૂબંધી શબ્દનું ઉચ્ચારણ માત્ર થાય છે. પણ આચરણ થતું નથી અને માટે જ ગુજરાતભરમાં છૂટથી દેશી-વિદેશી દારૂ વેચાય છે. પોલીસ દ્વારા વારંવાર ઝડપાતા દારૂનાં કન્ટેનરો અને ટ્રકો તેની ગવાહી પુરે છે, ત્યારે બનાસકાંઠા જીલ્લામાં અવારનવાર ઝડપાતો દારૂ આ જીલ્લા બુટલેગરો માટે દારૂની હેરાફેરી માટે પસંદગીનો જિલ્લો બને છે.'



# શાંતિપૂરાકંપનો ૧૫ વર્ષીય કિશોર ચાર દિવસથી ગુમ

હિંમતનગર, તા. ૫

સાબકાંઠા જિલ્લાના ધનસુરા તાલુકાના શાંતિપુરા કંપાનો ૧૫ વર્ષીય કિશોર ચાર દિવસ પહેલાં સવારે ઘરેથી ગયેલો જે પરત ન આવતાં ધનસુરા પોલીસ મથકે કિશોરના પિતાએ કિશોરનું કોઈ અજાણ્યા ઈસમો અપહરણ કરી લઈ ગયા અંગેની ફરિયાદ નોંધાવી હતી. જેથી પીએસઆઈએ અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી શોધખોળ આદરી છે.

આ અંગે વધુ તપાસ ધનસુરા પોલીસ મથકના પીએસઆઈ એ. કે.વાળા એ જણાવેલ કે મૂળ રાજસ્થાનના જેસલમેર જિલ્લાના ગુલિયાના સાવરખા અલ્લાઉદ્દીન સિંધી જેતેમના પરિવાર સાતે છેલ્લા ૧૮ વર્ષથી શાંતિપુરાકંપામાં ખેતરની રખેવાળી કરે છે દરમિયાન ચાર દિવસ પહેલા ૨જી મેના રોજ સવારે ૭ વાગે શાંતિપુરાકંપાથી ૩ કિમી દુર આવેલ ધનસુરા ખાતે ૧૫ વર્ષીય કિશોર મનોજઅલી સાવરખા સીધી ઘરેથી આશરે ૭૦૦ થી ૮૦૦ રૂ લઈ કપડાંની ખરીદી માટે જવા નીકળ્યો હતો. આ અંગે કિશોરના પિતા સાવરખા અલ્લાઉદ્દીન સિંધી ધનસુરા પોલીસ મથકે ફરિયાદમાં લખાવેલ કે ધનસુરા જવા નીકળેલ મારા પુત્રનું કોઈ અજાણ્યા ઈસમે કોઈપણ કારણોસર અથવા તો મારા સામેની કોઈ અંગત અદાવતમાં તેનું અપહરણ કરીને કોઈ ગુપ્ત જગ્યાએ સંતાડી રાખેલ છે જેથી કલમ ૩૬૩, ૩૬૫ મુજબ ગુનો દાખલ કરી તેના મોબાઈલના લોકેશનના આધારે વધુ તપાસ હાથ ધરી શોધખોળ કરવામાં આવી રહી છે. પરંતુ હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી.

## ઊંઝા વિસ્તારમાં ધૂમ વેચાતાં ઠંડા પીણા શુદ્ધતા સામે લોકોમાં રોષ

ઊંઝા વિસ્તારમાં મીનરલ વૉટરના નામે વેચાણ થતાં પાણી, બરફ, કેરીનો રસ તેમજ કેટલાંક ઠંડા પીણાનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે ત્યારે તેની શુદ્ધતાની ચકાસણી કરવા માટે લોકોમાં માંગ ઉઠી છે. ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી મીનરલ વૉટર બનાવતાં કેટલાક પ્લાન્ટો કાર્યરત છે. આ ઉપરાંત બરફની કેટલીક ફેકટરીઓ આવેલ છે. ઉનાળાની કાળઝાળ ગરમીના લીધે ઠંડા પાણી બરફ અને અન્ય ઠંડા પીણાનો ઉપયોગ ખૂબ વધી ગયો છે. કેરબા તેમજ પાઉચમાં મીનરલ વૉટર તરીકે પાણીનું વેચાણ થાય છે. આ સાથે બરફના વેચાણમાં પણ વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત જુદી જુદી કંપનીઓનાં ઠંડા પીણાની બોટલોનું પણ વેચાણ થઈ રહ્યું છે. ત્યારે મીનરલ વૉટર, બરફ અને ઠંડા પીણાના શુદ્ધતા અંગે ચીજોનો વેપાર દિનપ્રતિદિન વધી રહ્યા છે. છેલ્લા કેટલાય સમયથી આ વિસ્તારમાં કથિક ભેળસેળયુક્ત ખાદ્યચીજો પદાર્થોનો થતાં વેચાણ અંગે સંબંધિત તંત્રોએ નિષ્ઠાપૂર્વક તપાસ કરી જવાબદારી અધિકારીઓની કાર્યવાહી કરવી જોઈએ, તેવું લોકો ઈચ્છે છે.

## સુદ્રાશણાં નજીક બાઈક અને જીપ વચ્ચે અકસ્માતમાં એકનું મોત

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના સુદ્રશણાં ગામ નજીક શુક્રવારના રોજ મોડી સાંજે બાઈક અને જીપ વચ્ચે અકસ્માત સર્જાયેલ જેમાં એકનું મોત નીપજ્યું હતું. જ્યારે એકને ઈજા થવા પામી હતી. બનાવ અંગે જાદર પોલીસ મથકે શનિવારે વલાસણા ગામના અશોકસિંહ રાઠોડે જીપ ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

વિગત મુજબ ઈડરથી વલામણા માર્ગ પર સુદ્રાશણાં ગામ નજીક ૩ મેની સાંજે ૭.૦૦ વાગેના સુમારે જીપ નંબર જીજે- ૨-એ- ૫૮૬૬ના ચાલકે બેફામ જીપ હંકારીને બાઈક નંબર જીજે-૨-બીજી- ૬૭૪ને પાછળ ટક્કર મારી વલાસણા ગામના સતપાલસિંહ, મહેન્દ્રસિંહ રાઠોડને શરીરે ગંભીર ઈજાઓ કરી સ્થળ પર મોત નીપજાવ્યું હતું. અને સાથેના જશપાલસિંહ રાઠોડને ઈજાઓ કરી જીપ ચાલક જીપ મૂકી નસી ગયો હતો. જે અંગેની ફરિયાદ જાદર પોલીસ મથકે નોંધાઈ હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧